SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# ગુજરાતી સાહિત્યના સુધારયુગ અને પંડિત યુગમાં નારી નિરૂપણ

*ચાવડાગોર શીતલબેન વી.*

***ABSTRACT : પ્રસ્તુત લેખમાં ગુજરાતી વાર્તામાં નારીચેતના પ્રસ્તુત કરવાનો અભિગમ છે.આ લેખમાં ગુજરાતી સાહિત્યના સુધારક અને પંડિત યુગના સર્જકોએ જે તે સમયની નારીની મહતા દર્શાવતી અનેક કૃતિઓનુ સર્જન કર્યુ છે. તેમા અહિ તે સમયની થોડીક કૃતિઓને પ્રસ્તુત કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આ લેખકોએ પોતાની કૃતિમાં નારીની સમસ્યાને આકારીત કરવાનો પ્રયાસ કર્યો છે.***

***Key-words : નારીચેતના, પ્રગટાવતી, મનસ્વિની, કરિયાવર, પાંખ, શીરો, ફાંસો, શબવત, વેરવી, અસંગ, ભીંત, કુલડી***

પ્રાસ્તાવિક

ગુજરાતી સહિત્યમાં વિવિધ સર્જકોએ નારીના ચિત્રણને પ્રસ્તુત કરતી અનેક કૃતિઓ આલેખી છે. તેમજ અનેક લેખકોએ સાહિત્યના વિવિધ યુગોમાં તેઓએ નારી નિરુપણ ધરાવતી અનેક કૃતિઓનું સર્જન કર્યુ છે. અહીં સુધારક યુગ અને પંડિત યુગની નારી સંવેદનાને ઉજાગર કરતી કૃતિઓને અને લેખકોને આલેખીત કરવાનો પ્રયાસ કર્યો છે.

સુધારક યુગ

નર્મદયુગમાં સ્ત્રી ઉન્નતી ઉપરાંત સ્ત્રી-પુરુષના સબંધને નવી દ્રષ્ટિથી વિચારવાનો પ્રારંભ થયો. અર્વાચીન કાળમાં પાશ્ચાત્ય શિક્ષણ અને સાહિત્યના સંપર્કને કારને ‘અર્વાચીનોમાં આદ્ય’ નર્મદે તેના ‘ડાંડિયો’માં નારીજીવન વિષયક ‘પુનઃવિવાહ’, ‘સુખ’, ‘રણમાં પાછા પગલા ન કરવા’ વગરેમાં તત્કાલીન નારીની દુર્દશાનો ચિતાર આપ્યો છે. એની વિધવા અવસ્થા દરમિયાનના વિત્તકો આલેખી સમાજને જાગ્રત કર્યો છે. દલપતરામે ‘માંગલિક ગીતાવલી’માં નારી જીવનના નાના-મોટા અવસરોને આવરી લેતા ગીતોનો સમૂહ આપ્યો છે. વેવીશાળથી માંડીને સંસાર વિદાય સુધીના પ્રસંગો પર સુંદર ગરબીઓ રચાઈ છે. ભાવની ઉત્કટતા, ચિત્રાત્મકતા, રસાત્મકતા અને કલ્પના બળ- આ બધી દ્રષ્ટિએ દલપતરામની આ કવિતાઓ ઉત્તમ, ઉન્મેશ સમાન બની રહે છે.

‘દીકરી! એક વાર ને’ થી નિહાળતું,
તારો ટળવળે છે સહિયરોને સાથ રે!’

જેવી પંક્તિઓમાં અસરકારક કરુણ રસ અનુભવાય છે. સ્વસ્થ ને સંયમી દલપતરામ સ્ત્રીના વિધવાપણું કે કજોડાની વાત વેળા લાગણી સભર થયા વિના રહી શક્યા નથી. દલપતરામ કૃત ‘વેન ચરિત’ આખ્યાન સ્વરૂપે વિધવા વિવાહની હિમાયત કરતી કૃતિ છે. તેમજ વિવેચકોએ તેને ‘સુધારાનું પરોઢ’ કહીને બિરદાવી હતી. તો આજ સમયના નવલરામ પાસેથી ‘બાળલગ્ન બત્રીસી’ અને ‘બાળગરબાવલી’ મળે છે. આમ મુખ્ય વિષય બાળ લગ્નના અનિષ્ઠને અને તેમાંથી જન્મતા કરુણ પરિણામોને બતાવવામાં આવે છે.અહીં બાળ લગ્નમાંથી સર્જાતા બુદ્ધી, વાય વગેરેના કજોડાનું આલેખન ખુબ માર્મિક બન્યું છે.

પંડિતયુગ

પંડિત યુગ નવ જાગૃતિનો બીજો તબક્કો હતો. દરેક પ્રશ્નને ગંભીર રીતે વિચારવાની, તપાસવાની તેને આ યુગના વિદ્વાન સાહિત્યકારની હતી. નર્મદયુગમાં જે પ્રશ્ન અંગે મંથન થયું, તેનું નવનીત પંડિત યુગમાં પ્રાપ્ત થયું. આ યુગમાં સોપ્રથમ મણીલાલે સ્ત્રી વિષયક વિચારણા કરી. સ્ત્રીની ઉન્નતી માટે સ્ત્રી કેળવણી પર પણ ભાર મુક્યો. તેમણે વિવિધ વિષયો અને ભાષાના જ્ઞાન દ્વારા સ્ત્રીના ચારિત્ર્ય ઘડતર અને સંસ્કાર ઘડતરની હિમાયત કરી. એક માત્ર વિધવા વિવાહના અપવાદ સિવાય નારી વિષયક તમામ સુધારાને આવકાર્યા. વિધવા વિવાહ વિષે તેમના વિચારો પરંપરાગત હતા. પંડિતયુગમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં એક તરફ કારુણ્યમૂર્તિ કુમુદ છે તો બીજી તરફ સંયુક્ત કુટુંબમાં ગુણ સુંદરી છે. આ બંને પાત્રોની સામે અલગનંદા, રૂપાળી આડી પાત્રોની નીચતા દર્શાવી કુમુદના વ્યક્તિત્વને ઉદ્વાગામી બનાવ્યું છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની પ્રથમ પત્નીના અવસાન નિમિતે સંસ્કૃતમાં 'હ્રદયદુહિત સતક'ની રચના કરી હતી. તેમાં શોકનું પ્રાથમિક કક્ષાએ જ નિરૂપણ થયું. 'સ્નેહ મુદ્રા'ની રચનાનું નિમિત પણ પત્નીનું મૃત્યુ જ છે. આમાં લેખકે દામ્પત્ય જીવનના, સ્નેહ જીવનના પ્રશ્નોની ચિંતન પારાયણ મીમાંસા કરી છે.

તેમજ બ.ક.ઠાકોરના 'મ્હારાં સોનેટ'માની 'પ્રેમનો દિવસ' સોનેટ માળામાં 'વધામણી' સોનેટમાં પ્રથમ પ્રસૂતિ પછી પ્રાપ્ત પુત્ર જન્મની વધામણીના સમાચાર આપતી નારીના માંનોવ્યાપારોનું કમનીય આલેખન થયેલું. કાવ્યની ખૂબી એ છે કે ચતુર નાયિકા કાવ્યની અંતિમ પંક્તિના અંતિમ શબ્દના અંતિમ અક્ષર સુધી નાયકની ને ભાવકની જિજ્ઞાસા જગાડે છે કે નાયિકાએ પુત્રી જન્મ આપ્યો છે કે પુત્ર જન્મ? અંતે તે કહે છે: 'આવો, જોઈ, દયઇત, ઉચ્ચરો, લોચને, કોણ જેવો?' અહીં 'વો' અક્ષર જ પુત્ર જન્મને સુચવી દે છે. એમના પ્રણય કાવ્યમાં પ્રણય અને વિરહની સંવેદના કલાત્મક કાવ્યાત્મક અને સુસ્લિષ્ટ પણે કંડારાયેલ છે. 'ભણકારા, આરોહ, એક તોડેલી ડાળ, પ્રેમની ઉષા, પ્રેમનો મધ્યાહન, જુનું પિયર ઘર, મોહરો, સુખ-દુ:ખ ભાગે' વગેરે કૃતિઓ નારી જીવનના વિવિધ પાસાઓને દર્શાવતી કલાત્મક રચનાઓ છે.ન્હાનાલાલના ઊર્મિ કાવ્યમાં પ્રણયને મુગ્ધતાથી માંડીને પ્રસન્ન દાંપત્ય સુધીના દર્શન થાય છે. આમ વિવિધ ઊર્મિના આલેખનમાં મુગ્ધતા, ઉન્માશ, લાલિત્ય અને રસિકતા જોવા મળે છે. આથી જ કાકા સાહેબ કાલેલકર ન્હાનાલાલને 'નારી ગૌરવનો કવિ' તરીકે યથાર્થ આલેખ આપ્યો છે. નારી હ્રદયના ભાવોની કવિએ રુજુતાથી લાડ લડાવ્યા છે. આ પ્રણય કાવ્યમાં રસિકતા છે. તો તે રસાદરને પૂર્ણની પાળો પણ બાંધી છે. તેમાં ઇન્દ્રિય ગ્રાહ્યતા છે તો વ્યંજકતા પણ છે. કલ્પના અને અલંકારની સમૃદ્ધી છે, તો કલ્પનને ચિત્રાત્મક પણ છે. મિલનની ઝંખનાને ઉત્કટતાથી એમના ઊર્મિ કાવ્યો આલેખે છે. 'ઝીણાં ઝરમર વરસે મેહ', 'એ રાત,' 'વસંત યોગ' વગેરે કાવ્ય એની પ્રણય કાવ્યનો ઉન્મેશ બતાવે છે. બ.ક. ઠાકોર અને ન્હાનાલાલ પાસેથી ગુજરાતી કવિતાને દાંપત્ય પ્રેમની સુંદર, અર્થવાહી કવિતા મળી છે. 'કુળ યોગીની', 'આપણી લગ્નતિથિ' અને 'તાદાત્મીય' એ ન્હાનાલાલના દાંમ્પત્ય પ્રેમના સુંદર કાવ્ય છે. તો એમના નાટકો જયાજયંત અને ઇન્દુ કુમારમાં સ્નેહ લગ્ન, આત્મલગ્નની ભાવના સાકાર થયેલી જોવા મળે છે.

કવિ કાન્ત પાસેથી પ્રાપ્ત 'આપણી રાત, મૂર્તિ મનોહર, વિધુર કુરંગ' વગેરે કાવ્યો પત્ની પ્રત્યેના ઉત્કટ સ્નેહ રાગને કલામયતાથી પ્રગટ કરે છે. તો ચક્રવાતમીથુન, દેવયાની, વસંત વિજય વગેરે ખંડ કાવ્યો નારીના જીવનને કોઈ એકાદ કસોટીની ક્ષણના તીવ્ર આલેખન દ્વારા નારી જીવનની ઘેરી કરુણતાનું સચોટ દર્શન કરાવે છે. કલાપી મુખ્યત્વે આત્મલક્ષી પ્રણય કવિ છે. અને તેથી તેમની મોટાભાગની ઉત્તમ રચનાઓ પ્રણય કાવ્યરૂપી થયેલી છે. પ્રણયમાં કલાપીએ મિલનની મસ્તી કરતા વિરહને વધારે આદ્રતાથી ગાયો છે. હ્રદય ત્રિપુટી જેવા લાંબા આત્મકથનાત્મક કાવ્યથી માંડીને ઈશ્કનો બંદો-ગઝલ સુધીના અનેક રૂપ કલાપીની પ્રણય કવિતા પાસે છે. રાગ અને ત્યાગ વચ્ચે ઝુલતા કલાપીના હેયાની ઉત્કટ રાગ વિરાગની ઉર્મીઓ એમની ગઝલોમાં ઝીલાયી છે. અને તેથી જ તો આપની યાદી, ઈશ્કનો બંદો કૃતિઓ આસ્વાદ્ય બની છે

- ઉપસંહાર

પ્રસ્તુત ગુજરાતી સાહિત્યના વિવિધ યુગોમાં નારીની મહતા દર્શાવતુ સાહિત્ય અનેક સર્જકોએ ખેડાણ કર્યુ છે. પુરુષ પ્રધાન સમાજમાની સર્વ નારીને પ્રત્યેક યુગમાં સર્જકોએ સમભાવ રૂપે નિહાળી છે અને તેના સંવેદનોના સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં કલાત્મક રીતે નીરુપવાનો પ્રયત્ન કર્યો છે. આમાં નારી સ્વયં નારીની સમસ્યા રજુ કરે છે. નારી નારીની આંતર ચેતનાને સમજી શકે છે, સ્પર્શી શકે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ :-**

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ,પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૩. ગુજરતી નવલકથા, રઘુવીર ચૌધરી,યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૪. નર્મકોશ, નર્મદાશંકર દવે, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

૫. સરસ્વતીચંદ્ર ભાગ-૩, ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ